# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-03-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM NAVSARI SOLAR CELL

કેન્દ્રીય ઉર્જા મંત્રી પ્રહલાદ જોષી, સીઆર પાટીલ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં નવસારીના દેગામ ખાતે સોલાર સેલ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરાયું. આ પ્લાન્ટ નવી ટેકનોલોજી સાથે સ્થાપિત કરાયો છે, જે દર વર્ષે લાખો સોલાર સેલનું ઉત્પાદન કરશે. આ પ્રોજેક્ટ પર્યાવરણને બચાવવા અને ઊર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભર ભારતના લક્ષ્યને આગળ વધારવા માટે મોટી ભૂમિકા ભજવશે. આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સીઆર પાટીલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

----------

# MANSUKH MANDAVIYA

કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવીયાએ અધિકારીઓને પ્રજાના મિત્ર થઈને કામ કરવા અપીલ કરી. આજે જુનાગઢના મેંદરડા ખાતે સેવા સેતુ કાર્યક્રમમાં શ્રી માંડવીયાએ દિવ્યાંગોને સાધન સહાયનું વિતરણ કર્યું હતું. તેમણે જણાવ્યું, રાજ્યના વહીવટમાં પારદર્શકતા વધે તેમજ પ્રજાની રજૂઆતોના ઉકેલ માટે સેવાસેતુ મહત્વનું પ્લેટફોર્મ બને છે.

શ્રી માંડવીયાએ ગંગેડી આશ્રમની મુલાકાત લેશે તેમજ વંથલીના ખોરસામાં આવેલા તિરૂપતિ બાલાજી મંદિરમાં પણ દર્શન કરશે. ઉપરાંત તેઓ મઢડા ખાતે સોનલધામ મંદિરના દર્શન કરશે. સાથે જ તેઓ વંથલી માર્કેટિંગ યાર્ડ અને જુનાગઢ શહેર ભાજપ કાર્યાલયની પણ મુલાકાત લેશે.

----------

# NARMADA PARIKRAMA

ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાનો આજથી પ્રારંભ થયો છે. પ્રથમ દિવસે જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ 21 કિલોમીટરની પરિક્રમા કરી ધન્યતા અનુભવી હતી. આ પરિક્રમા દરમિયાન ભક્તો માટે ભોજન, મેડિકલ સહિતની વ્યવસ્થા કરાઈ છે. નદી પાર કરવા માટે લાઈફ જેકેટ સાથે બોટની વ્યવસ્થા અને શહેરાવ ઘાટ પર સામે પાર જવા માટે 2 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે પૂલ તૈયાર થતાં શ્રદ્ધાળુઓને સરળતા રહી છે.

. . . . . . . . . . . . .

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ-વિદેશના નાગરિકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 120મી કડી હશે.

આકાશવાણી અને દૂરદર્શનના તમામ નેટવર્ક, આકાશવાણી સમાચારની વેબસાઈટ અને ન્યૂઝ ઓન A.I.R. મોબાઈલ એપ પર 'મન કી બાત' કાર્યક્રમનું પ્રસારણ કરાશે. આ ઉપરાંત આકાશવાણી સમાચાર, ડીડી ન્યૂઝ, PMO, માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચેનલો પર પણ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે. આકાશવાણી પર હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં પણ કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . .

## IIM CONVOCATION

ભારતીય અવકાશ સંશોધન સંગઠન-ISROના પૂર્વ અધ્યક્ષ એસ.સોમનાથની અધ્યક્ષતામાં આજે IIM અમદાવાદનો 60મો પદવીદાન સમારોહ યોજાશે. આ સમારોહમાં વિદ્યાર્થીઓને MBA અને ડૉક્ટરેટની પદવી તેમજ ચંદ્રકો એનાયત કરાશે. એસ. સોમનાથ સમારોહને સંબોધિત પણ કરશે.

---

# DAMAN COASTAL GAMES

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં ફિટ ઇન્ડિયા કોસ્ટલ ગેમ્સનું આયોજન કરાયું. મોટી દમણ લાઈટ હાઉસ બીચ પર બીચ સોકર, ટગ ઓફ વોર, સ્કેટિંગ, યોગાસન સહિતની રમતોમાં અનેક લોકો ભાગ લીધો. આ અંગે ભારત ખેલ પ્રાધિકરણના ઝોનલ ડાયરેક્ટર પાંડુરંગ ચાટેએ વધુ માહિતી આપી.

બાઈટ : પાંડુરંગ ચાટે (ઝોનલ ડાયરેક્ટર ભારત ખેલ પ્રાધિકરણ)

-------------

# Chaitri Navratri

પંચમહાલ જિલ્લા તંત્ર દ્વારા શક્તિપીઠ પાવાગઢમાં આવતીકાલથી શરૂ થઈ રહેલી ચૈત્રી નવરાત્રી માટે સુચારુ આયોજનો કરાયા છે. ચૈત્રી નવરાત્રી દરમિયાન રાજ્ય સહિત આસપાસના રાજ્યોં માંથી લાખો લોકો દર્શનાર્થે આવતા હોય છે ત્યારે યાત્રીઓની સરળતા માટે એકમ, આઠમ, નોમ અને પૂનમે મંદિરના કપાટ અને રોપવે સેવાનો સમય સવારે 4 વાગ્યાથી રાત્રિના આઠ વાગ્યા સુધીનો રહેશે. આ સાથે નવરાત્રિના પ્રથમ દિવસથી મંદિર ટ્રસ્ટ દ્વારા 5000 યાત્રાળુઓની નિશુલ્ક જમવાની વ્યવસ્થા શરૂ કરાશે. યાત્રાળુઓની સલામતીને લઈને તળેટીથી માંચી સુધી ખાનગી વાહનો પર પ્રતિબંધ મૂકાશે. જ્યારે એસટી વિભાગ દ્વારા 24 કલાક માટે 60 બસો મુકાશે તેવું હાલોલ એસટી ડેપો મેનેજરે જણાવ્યું છે.

. . . . . . . . . . . . .

# Gir somanth - Khatmuhrat

ગીર સોમનાથ જિલ્લાનાં સૂત્રપાડા તાલુકાનાં પ્રાચી તીર્થ ખાતે રીવર લાઈનીંગની કામગીરીનું સાંસદ રાજેશ ચુડાસમાનાં હસ્તે ખાતમૂર્હુત કરવામાં આવ્યું.

પ્રભાસતીર્થ ક્ષેત્રમાં આવેલા પ્રાચી તીર્થ ભૂમિમાં ચોમાસા દરમિયાન પાણીનો ભરાવો થતાં અહીં ગંદકી ફેલાય છે. રીવર લાઈનીંગની કામગીરી થતાં મંદિર આસપાસ પ્રોટેક્શન વોલ બનાવવામાં આવશે. જેથી ધોવાણ થતું અટકશે.

આ સાથે પાર્કિંગની જગ્યાનું પણ સમારકામ કરવામાં આવશે. આ પ્રસંગે મહાનુભાવો સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

. . . . . . . . . . . . .

# SPECIAL TRAIN

પશ્ચિમ રેલવે ઉનાળા દરમિયાન વિશેષ ભાડા પર ચાર જોડી વિશેષ ટ્રેનનું સંચાલનનું વિસ્તરણ કરશે. સત્તાવાર યાદી મુજબ, મુંબઈ સૅન્ટ્રલ-દિલ્હી દ્વિ-સાપ્તાહિક સુપરફાસ્ટ એસી સ્પેશિયલને છ મે સુધી, દિલ્હી-મુંબઈ સેન્ટ્રલ દ્વિ-સાપ્તાહિક સુપરફાસ્ટ એસી સ્પેશિયલને સાત મે સુધી, બાન્દ્રા ટર્મિનસ-અજમેર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનને 30 જૂન સુધી લંબાવવામાં આવી છે.

આ સાથે જ અજમેર બાન્દ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલને 29 જૂન સુધી, ઉધના ખુર્દા રોડ સાપ્તાહિક સ્પેશિયલને 11 જૂન સુધી, ખુર્દા રોડ ઉધના સાપ્તાહિક સ્પેશિયલને 13 જૂન સુધી, સાબરમતી-હરિદ્વાર દ્વિ સાપ્તાહિક સ્પેશિયલને ચાર મે સુધી, હરિદ્વાર-સાબરમતી દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલને પાંચ મે સુધી લંબાવવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................